**દાખલ તારીખ : ૦૮/૧૦/૨૦૨૫**
**રજી. લીધા તારીખ : ૦૮/૧૦/૨૦૨૫**
**ફેંસલ તારીખ : ૦૧/૦૭/૨૦૨૬**
**સમયગાળો :૦૦ વર્ષ ૦૮ માસ ૨૪ દિવસ**

सत्यमेव जयते

==========================================

**આંકલાવ મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ.**

==========================================

**ફો. કેસ નં. ૭૨૫/૨૦૨૫**
**આંક :–**

**ફરીયાદી : શ્રી સ ર કા ર**

**વિરુધ્ધ**

**આરોપી : ટીનીબેન તે રાજુભાઈ ફકીરભાઈ માળી**
રહે. ભેટાસી બા ભાગ નહેર પાસે, તા.આંકલાવ , જી.આણંદ

---

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એફ) મુજબ**

---

**સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી એસ.કે.રાવલ**
**આરોપી પક્ષ તર્ફે : વિ.વકીલ શ્રી એસ.આર.પરમાર**

---

**–:: ચુકા દો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપી બહેને તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૫૦ વાગે મોજે ભેટાશી બા ભાગ નહેર પાસે તેઓના ઘરની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં જમીનમાં એક પ્લાસ્ટીકના પીપમાં આશરે ૨૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ મળી જેની કિં.રૂ.૫૦૦/– નો દેશી

દારૂ ગાળવાનો વોશ ભરી જમીનમાં દાટી રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરી, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદાર તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતા અને જે બજી જતા આરોપી હાજર થયેલ અને બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સ આપવામાં આવેલ હોવાનુ ખાતરી કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે **આંક–૦૪** થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામાના અનુસંધાનમાં આરોપીની **આંક–૦૫** થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવા માટે નીચે જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફ થી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી અ.પો.કો. નરેન્દ્રભાઈ કરશભાઈ પરમારની જુબાની | ૦૬ |
| ૦૨ | પંચ સાહેદ ચંદુભાઈ કેશરભાઈ તળપદાની જુબાની | ૦૮ |
| ૦૩ | પંચ સાહેદ કીશનભાઈ ઘનાભાઈ તળપદાની જુબાની | ૧૦ |
| ૦૪ | ત.ક.અ. અ.હે.કો. રણછોડભાઈ કાશીરામ ચોસલાની જુબાની | ૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૭ |
| ૦૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૯ |
| ૦૩ | એફ.આઈ.આર. | ૧૨ |

| | | |
|---|---|---|
| ૦૪ | રવાનગી પત્રક | ૧૩ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિં આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દાઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી બહેને તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૫૦ વાગે મોજે ભેટાશી બા ભાગ નહેર પાસે તેઓના ઘરની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં જમીનમાં એક પ્લાસ્ટીકના પીપમાં આશરે ૨૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ મળી જેની કિં.રૂા.૫૦૦/– નો દેશી દારૂ ગાળવાનો વોશ ભરી જમીનમાં દાટી રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એફ) મુજબનો ગુનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**<u>મુદ્દા નં.૧ અને ૨ :-</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું **આંક- ૦૯** થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ ચંદુભાઈ કેશરભાઈ તળપદા નાઓને **આંક- ૦૮** થી તથા પંચ સાહેદ કીશનભાઈ ધનાભાઈ તળપદા નાઓને **આંક-૧૦** થી તપાસેલા છે. સદર પંચ સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદ ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી અ.પો.કો. નરેન્દ્રભાઈ કરશભાઈ પરમાર નાઓને **આંક-૦૬** થી તપાસી **આંક-૦૭** થી ફરીયાદ રજૂ કરેલ છે, જયારે ત.ક.અ. અ.હે.કો. રણછોડભાઈ કાશીરામ ચોસલા નાઓને **આંક-૧૧** થી તપાસી **આંક-૧૨** થી એફ.આઈ.આર. તથા **આંક-૧૩** થી રવાનગી પત્રક રજુ કરવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદોએ માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને બંને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી

કોઈ સમર્થન મળેલ નથી તેમજ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

ફરીયાદ પક્ષે મુદ્ધામાલ દેશી દારૂ ગાળવાનો તૈયાર વોશ હોવા અંગે કોઈ પરિક્ષણ કરાવવામાં આવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજૂ થયો નથી.

આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં ફરીયાદ પક્ષના કેસમાં વાજબી શંકા ઉત્પન્ન થાય છે, ત્યારે ફોજદારી કાર્યવાહીમાં શંકાનો લાભ હંમેશા આરોપીની તરફેણમાં જાય છે તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે.

(૯) ફરીયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર મોખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું એકબીજા સાથે સાંકળીને તેમજ સ્વતંત્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આરોપી બહેને તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૫૦ વાગે મોજે ભેટાશી બા ભાગ નહેર પાસે તેઓના ઘરની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં જમીનમાં એક પ્લાસ્ટીકના પીપમાં આશરે ૨૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ મળી જેની કિં.રૂા.૫૦૦/– નો દેશી દારૂ ગાળવાનો વોશ ભરી જમીનમાં દાટી રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલાનું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આ કામના આરોપી ટીનીબેન તે રાજુભાઈ ફકીરભાઈ માળી, રહે. ભેટાસી બા ભાગ નહેર પાસે, તા.આંકલાવ , જી.આણંદ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની

કલમ–૬૫(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૦૧, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : આંકલાવ.

**(એ.બી.સિંઘવી)**
જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer